હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તને ના ખબર પડે...અમે પીવાવાળા લોકો દ્વારા જ ભારતનું અર્થતંત્ર ટકી રહ્યુ છે...!!!

શહેરના મીનાબજારમાં એક સાથે ત્રણ ગલ્લાના તાળા તુટ્યા : ૧.૨૦ લાખની ચોરી

ચોર શખ્સો હોઝીયરી, બુટ-ચંપલ તેમજ બેલ્ટ ઉઠાવી પલાયન, વેપારીઓમાં ભય

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના મીનાબજારમાં એક સાથે ત્રણ-ત્રણ ગલ્લાના તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. હોઝીયરી, બુટ-ચંપલ તેમજ બેલ્ટના ગલ્લાના તાળા તોડી અંદાજીત રૂ.૧.૨૦ લાખથી વધુની મત્તાની ચોરી થવા પામી છે. ત્યારે કોરોનાના કપરા સમય બાદ માંડ માંડ ઘર અને વેપાર ચલાવતા વેપારીઓના ગલ્લાના તાળા તુટતા વેપારીઓને આર્થિક માર સહન કરવાનો વારો આવ્યો છે. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ પોલીસ મથકની

સામાન્ય અંતરે આવેલા મીના બજારમાં એક સાથે ત્રણ ત્રણ ગલ્લાના તાળા તોડી ચોરીને અંજામ આપી ચોર ઈશમો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. વેપારીઓ નિત્યક્રમ મુજબ ગલ્લા બંધ કરીને ઘરે ગયા હતા.જયારે આજે સવારે આવીને જોયુ તો ગલ્લાના તાળા તુટેલા હતા. જયારે હોઝીયરીનો વેપાર કરતા વેપારી વિનોદ બિજલભાઈ રાઠોડનો ગલ્લો તોડી અંદરથી હોઝીયરીની વિવિધ વસ્તુઓ અંદાજીત રૂ.૮૦ હજારની મત્તાની ચોરી થઈ છે. તો બીજીતરફ સંજય ચંદુલાલ મહેતાના ગલ્લામાંથી અંદાજીત રૂ.૧૦ થી ૧૫ હજારના બુટ ચંપલ ચોરી થયા છે. ત્યારે વેપારી સંજયસિંહ વાઘેલના ગલ્લાનું તાળુ તોડી અંદરથી બેલ્ટ રૂ.૧૦ હજારથી વધુની કિંમતના ચોરી થવા પામ્યા છે. ત્યારે એક સાથે ત્રણ ગલ્લાના તાળા તુટતા વેપારીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઉલ્લેખયની છે કે પહેલા મીના બજારમાં ચોરીનો ઉપદ્રવ વધી જતા વેપારીઓ દ્વારા સિક્યુરીટી ગાર્ડ રાખવામાં આવ્યો હતો. પરંતુ મીના બજારમાં હાલના સમયે કોઈ જ રખેવાળ નહી હોવાથી ચોર શખ્સોને મોકળુ મેદાન મળી ગયું હોય તેમ લાગી રહ્યું છે.

શિક્ષિકા સાથે રૂપિયા ૧૭ લાખની છેતરપિંડી

અડાલજમાં ફ્લેટના રૂપિયા ચુકવ્યા છતાં બિલ્ડરો દ્વારા ઘર કે રૂપિયા ના આપતા ફરિયાદ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર અડાલજ ગામની સીમમાં બાલાજી સ્ટેટસ નામની ફ્લેટની સ્કિમ મુકી હતી.જયારે બિલ્ડર દ્વારા તમામ ફ્લેટ વેચી માર્યા હતા. કેટલાક ફ્લેટ બિલ્ડરો દ્વારા એક થી વધુ વ્યકિતને વેચી માર્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. ત્યારે એક શિક્ષિકા એ રૂ.૧૭ લાખ લઈ ફ્લેટ બુક કરાવ્યો હતો. પરંતુ બિલ્ડરોએ સમય મર્યાદામાં ફ્લેટ કે રૂપીયા પરત ન આપતા શિક્ષિકાએ અડાલજ પોલીસ મથકે પાંચ બિલ્ડરો સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. નોંધનીય છે કે બિલ્ડરો દ્વારા ગેરકાયદેસર બાંધકામ પણ કરવામાં આવતા સ્કિમને ગુડા દ્વારા સીલ મારી દેવામાં આવ્યું છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ ગામની સીમમાં બ્લોક નં. ૮૨૯ની જમીન પર ટીપી-૧૦ ફાઈનલ પ્લોટ નં.૫૪-૧ પર રાજકુમાર સુગ્રોમલ મહેરચંદાણી, કિશોર નારાયણ મહેરચંદાણી, અનિલ નારાયણ મહેરચંદાણી, નારાયણદાસ સુગ્રોમલ મહેરચંદાણી અને કમલેશ સુગ્રોમલ મહેરચંદાણી (તમામ રહે.ચાંદખેડા), શ્રી લક્ષ્મીબાલાજી સ્ટેટસ નામની સ્કિમ ભાગીદારીમાં ફ્લેટો બનાવી વેચવાની યોજના મુકી હતી. જે સ્કિમના બ્રોસર બહાર પાડવામાં આવ્યા હતા. ત્યારે આ સ્કિમમાં કલોલ તાલુકાના ધમાસણા ખાતે રહેતા ભારતીબેન સંજયભાઈ પટેલ તેમના ભાગીદાર રશ્મિકા બહેન વિપુલભાઈ પટેલ દ્વાર સ્કિમના ફ્લેટ રાખવા માટે વર્ષ ૨૦૧૦માં ઉકત બિલ્ડરોને સાઈટ ઓફિસ ખાતે મળ્યા હતા અને વાતચીત કરી હતી. ત્યારબાદ શ્રી લક્ષ્મીબાલાજી સ્ટેટસ સ્કિમમાં બી-૨૦૪ નંબરનો ફ્લેટ રૂ.૧૭ લાખમાં વેચાણ રાખવામાં આવ્યો હતો. જયારે બિલ્ડરોએ ફ્લેટ સમય મર્યાદામાં રહીને વેચાણ દસ્તાવેજ કરી પજેશન આપવાની બાંહેધરી આપી હતી. ત્યારે આ ફ્લેટ પેટે શિક્ષિકાએ તા.૨૨-૪-૧૦ ના રોજ રૂ.૯૫ હજારનો ચેક તેમજ રૂ.૭.૫૫ રોકડા અને ભાગીદાર રશમિકા બહેને રૂ.૩.૯૦ લાખનો ચેક તેમજ રૂ.૪.૬૦ લાખ રોકડા મળી કુલ રૂ.૧૭ લાખ આપી દીધા હતા. બિલ્ડરોએ લક્ષ્મીબાલાજી સ્કિમનું ગુડામાંથી જરુરી પરમીશન વિના ગેરકાયેદસર બાંધકામ કરવામાં આવ્યું હતું. જેથી ગુડાએ સ્કિમ સીલ કરી દીધી હતી. ભારતીબેનને જાણ થઈ કે બિલ્ડરોએ સ્કીમમાં કેટલાક ફ્લેટ એક થી વધુ ગ્રાહકોને વેચી મારીને છેંતરપિંડી આચરવામાં આવી છે. જેથી તેમને વાંરવાર ફ્લેટના પજેશન આપવા વાત કરી હતી. પરંતુ ફ્લેટનું પજેશન નહી આપતા પૈસા પરત આપવા ઉઘરાણી કરી હતી. જેથી બિલ્ડરોએ પૈસા આપવા માટે ચોખ્ખી ના ભણી દેતા શિક્ષિકાએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરતા તપાસના અંતે અડાલજ પોલીસ મથકે બિલ્ડરો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ચિલોડા કિષ્ણા હોટલ પર સાસુએ બે શખ્સો સાથે મળી જમાઈને માર માર્યો

રાત્રીના સમયે થયેલી મારામારીમાં બચાવવા વચ્ચે પડેલા હોટલના બે કર્મચારીને પણ ઈજા

ગાંધીનગર, તા.૨૬

ચિલોડા-હિંમતનગર રોડ પર આવેલી કિષ્ના હોટલ પર ગતરાત્રીના સમયે મારમારી થઈ હતી. જેમાં હોટલ કિષ્ણા ખાતે છેલ્લા બે વર્ષથી ચા-નાસ્તાનું કાઉન્ટર ચલાવતા યુવકને પત્ની અને સાસુએ બે શખ્સો સાથે મળી ધોકા અને સળીયા વડે હુમલો કર્યો હતો. ત્યારે યુવકને બચાવવા જતા હોટલના અન્ય બે કર્મચારીઓને પણ આ શખ્સોએ ઢોરમાર મારી ઈજા પહોંચાડી હતી. ચિલોડા ખાતે રાત્રીના સમયે મારામારી થતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. તમામ ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયારે બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે અલ્પેશ ઠાકોર (રાજકોટ ગ્રામ્ય), આરતી, હંસાબેન તેમજ દશરથ પરમાર (તમામમુળ રહે. ગામ - સાબરવાડ, તા. ઈડર, જી- સાબરકાંઠા), સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અરવલ્લી જિલ્લાના રીટોડા ગામનો સંદિપકુમાર જોઈતાભાઈ પ્રજાપતિ (ઉં.૨૫) ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચિલોડા નજીક કિષ્ણા હોટલ ખાતે બે વર્ષથી ચા-નાસ્તાનું કાઉન્ટર ચલાવે છે. જયારે તેના માતા-પિતા વતનમાં રહે છે. સંદિપના લગ્ન બે વર્ષ પહેલા ભિલોડા ખાતે રહેતા નારણભાઈ નાનજીભાઈ નિનામાની દિકરી આરતી સાથે થયા હતા.જયારે સંદિપના સાસુ હંસાબેન છે અને સંદિપને લગ્નજીવન દરમિયાન એક વર્ષનો દિકરો છે. ત્યારે યુવકના સાસુ હંસાબેન એક વર્ષ પહેલા તેણીના પતિ નારણભાઈને છોડી અન્ય શક્સ દશરથ પરમાર (રહે સાબરવાડ ઈડર) સાથે રહેવા માટે ગયા હતા.

જયારે હંસાબેન અને દશરથભાઈ રાજકોટ ખાતે રહે છે. જયારે યુવકની પત્નીને માતાને મળવાનું મન થતા તે રાજકોટ ખાતે ગઈ હતી. દોઢ માસ રાજકોટ રોકાઈ પરત આવી હતી. ત્યારબાદ તેણીના પિયરમાં કોઈ સગાનું અવસાન થતા યુવકના સાસુ હંસાબેન, દશરથ અને અલ્પેશ ઠાકોર આવ્યા હતા અને સાથે લઈ ગયા હતા. ત્યારબાદ સંદિપની પત્ની આરતી પરત ન આવતા તેણે સાસુને ફોન કરી તેની પત્નીને પરત મુકી જવાનું કહેતા મારી દિકરીને તારી સાથે મોકલવાની નથી, તેને અલ્પેશ ઠાકોર સાથે પરણાવવાની છે. તેમ કહી ફોન મુકી દીધો હતો. જયારે ફોન પર પત્નીને પરત મુકી જવાની વાત કરતા દશરથ પરમાર અને અલ્પેશ ઠાકોર ગાળો બોલતા હતા. ત્યારે ગઈકાલે રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં સંદિર હોટલ પર હાજર હતો તે સમયે તેની પત્ની આરતી, તેના સાસુ હંસાબેન અને દશરથ પરમાર તેમજ અલ્પેશ ઠાકોર ઈકો ગાડી નં. જી.જે.૨૭.બી.ઈ.-૮૬૬૦ લઈને આવ્યા હતા. હવે આરતીને તારી પાસે મોકલવાની નથી અને અલ્પેશ ઠાકોર સાથે પરણાવવાની છે તેમ કહી તેઓ બધા ગાળો બોલતા હતા. જેથી ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. ઈકો ગાડીમાંથી દશરથ પરમાર લાકડાનો ધોકો તેમજ અલ્પેશ ઠાકોર લોખંડનો સળીયો કાઢી લાવ્યો હતો. દશરથ પરમારે ધોકો સંદિપને કપાળના ભાગે માર્યો હતો. જયારે હોટલ પર હાજર કર્મચારીઓ દિનેશ અને ગોરવસિંગ વચ્ચે પડતા દશરથભાઈએ દિનેશના માથાના ભાગે ધોકો મારતા લોહી નીકળવા લાગ્યું હતું.જયારે અલ્પેશ ઠાકોરે સળીયો ગૌરવસિંગને માથાના ભાગે મારતા હોહા થતા સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા. જયારે ગાડીમાં બેસીને જતા જતા આ વ્યકિતઓ આજે તો બધા આવી જતા તુ બચી ગયો છે, હવે પછી તુ એકલો મળે તો તેને પુરો કરી દેવાનો છે કહી ધમકી આપી જતા રહ્યા હતા. જયારે ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ૨૭અને૨૮ઓગષ્ટના રોજ પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી ગાંધીનગરના પ્રવાસે હોઈ તંત્ર તે અંગેની તૈયારીમાં ગળાડૂબ બન્યુ છે.
- કેન્દ્રીય ચૂંટણી પંચે આજે વિડીયો કોન્ફરન્સ કરી જિલ્લાઓમાં ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરમાં પુનઃ ગટર ઉભરાવવાની સમસ્યા વધી જવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૧૫૪૮ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૯૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ રહેતા કાદવ-કીચડની ગંધકી વધી જવા પામી છે.
- ચિલ્ડ્રન યુનિ. અને સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે શનિવારે બાળ કાવ્યો અંગે વિશેષ કવિ સંમેલન જીએમઈઆરએસ હોલમાં યોજાયુ છે.
- ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાની તેમજ કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરની પ્રદેશ ચૂંટણી સમિતિના સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે.
- વુડાના સીઈઓ એ.બી. પટેલની સંયુક્ત ચૂંટણી અધિકારી તરીકે બદલીનો હુકમ કરવામાં આવ્યો છે.
- રાજયના નેશનલ હેલ્થ મિશનના એમ.ડી. રૈમ્યા મોહને આજે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંગે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરી હતી.
- વિસનગરા નાગર પરિવાર દ્વારા આજે ભુવનેશ્વર મહાદેવ સે. ૬ ખાતે શિવ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- ચૂંટણી પંચે એક જ સ્થાને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજો બજાવતા અધિકારીઓની દલી કરવા સૂચના આપી છે.



રખડતા ઢોરોની સમસ્યા ન્યુ ગાંધીનગરમાં પણ વ્યાપક બની રહી છે. વરસાદના કારણે મુખ્ય માર્ગો પર આવી ચઢતા રખડતા ઢોરો માર્ગો પર અડિંગો જમાવીને બેસી જાય છે. વાહનચાલકો હેરાન થયા કરે છે અને તંત્રને કાંઈ પડી નથી.

પંચાયત આરોગ્ય કર્મચારીઓની હડતાલ યથાવત

ગાંધીનગર, તા.૨૬

રાજયમાં પંચાયત આરોગ્યમાં ફરજ બજાવતા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ફિમેલ હેલ્થ વર્કર તેમજ મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર અને ફિમેલ હેલ્થ સુપરવાઝઈર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને છેલ્લા કેટલાક સમયથી ત્રણ માંગણીઓ પડતર પડી છે.

તાજેતરમાં સચિવાલયના ગેટ પાસે કર્મચારી મહાસંઘના નેજા હેઠળ એકઠા થતા સરકાર દ્વારા બે માંગણીઓ સ્વીકારમાં માટે તૈયારી દર્શાવી હતી. જેમાં ૧૩૦ દિવસનો પગાર તેમજ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવાની માંગનો સમાવેશ થાય છે. જયારે ગ્રેડ પે મુદ્દે સરકારે કમિટી બનાવવાની વિચારણાની વાત કરી છે.

જેને પગલે પંચાયતના આરોગ્ય કર્મચારીઓએ પોતાની હડતાલ યથાવત રાખી છે.

ગાંધીનગરમાં દબાણોનો ત્રાસ જરાય ઓછો નથી. દબાણ શાખા જો થોડાક સમય સુષુપ્ત અવસ્થામાં રહે તો ઠેર ઠેર દબાણોનો રાફડો ફાટી નીકળે છે. જ્યાં જુઓ ત્યાં લારી-ગલ્લા ઉભા થઈ જાય છે. વડાપ્રધાનના આગમનના પગલે દબાણ શાખા પણ એક્ટિવ બની છે. ન્યુ ગાંધીનગરના મુખ્ય માર્ગો પરથી દબાણો હટાવવાની કામગીરી સતત ચાલી રહી છે.

ગાંધીનગરમાં ભોઈ સમાજના સ્નેહમિલનમાં મુખ્યમંત્રી ઉપસ્થિત

આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે ભોઇ સમાજના ૭૫ વર્ષથી મોટી ઉંમરના વરિષ્ઠોનું સન્માન કરાયું

ગાંધીનગર,તા.૨૬

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારે સૌ સમાજને સાથે લઈ ચાલવાની નીતિ-રીતિ અપનાવી રાજ્યના વિકાસની કેડી કંડારી છે. સામાજીક ઉત્કર્ષ માટે સરકાર વધુ અસરકારક અને મોટા પાયે કાર્ય કરી શકે તેનું આગવું દ્રષ્ટાંત ગુજરાતની ભાજપા સરકાર અને રાજ્યના વિવિધ સમાજ-વર્ગો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભે વધુમાં કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર ખાતે આયોજિત ભોઈ સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે ભોઈ સમાજના ૭૫ વર્ષથી મોટી ઉંમરના વરિષ્ઠ નાગરિકોનું આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી કહ્યું કે, સરકારની વિવિધ યોજનાઓ, જનહિતકારી અભિયાનો અને વિકાસકામો નાગરિકોના ઉત્કર્ષ અને કલ્યાણ માટેનાં મહત્વનાં સાધન છે. ગુજરાતની ભાજપા સરકારે યોજનાઓ-વિકાસકામોના માધ્યમથી સમાજના વંચિત અને છેવાડાના વર્ગને મુખ્ય પ્રવાહમાં લાવવાના સફળ પ્રયાસ કર્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, ૨૦ વર્ષ પહેલાં ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ-આઉટ રેશિયો ૩૩ ટકા જેટલો હતો, જે આજે ઘટીને ૩ ટકાથી પણ નીચે આવી ગયો છે. એક સમયે પીવાના પાણી માટે વલખાં મારતા ગુજરાતનાં ગામડાઓમાં આજે ૯૬ ટકાથી વધુ ઘરોમાં નળથી જળ પહોંચાડી દીધું છે.તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાને સુનિશ્ચિત કરી ભાજપા સરકારે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યું છે. બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ઉદય કાનગડે જણાવ્યું કે વર્ષો પહેલાં રાજસ્થાનથી આવીને વસેલા ભોઈ સમાજના લોકોએ અન્ય સમાજની સાથે કદમથી કદમ મિલાવી ગુજરાતની વિકાસયાત્રામાં સહયોગ કર્યો છે. ગુજરાતની ભાજપા સરકારના સુશાસનને પરિણામે ભોઈ સમાજ હંમેશાં ભાજપા સરકારની પડખે જ રહ્યો છે. આ પ્રસંગે બક્ષીપંચ મોરચાના પૂર્વ પ્રમુખ શ્રી ભગવાનદાસ, ભોઈ સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ, શ્રી જયંતિભાઈ, શ્રી હસમુખભાઈ સહિતના અગ્રણી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ચિલોડા પંથકમાં મઘા નક્ષત્રમાં કાચુ સોના સમાન વરસાદી પાણીથી ખરીફ પાકથી ખેતરો લહેરાયા

મોડી રાત્રે ગાજવીજ સાથે વરસાદની ધમાકેદાર એન્ટ્રી, ખેતરોમાં પાણી ભરાયા

ચિલોડા, તા. ૨૬

ગુજરાતમાં મેઘરાજાની પધરામણી અને શ્રાવણ માસ પર્વથી ખેડૂતઆલમ ખુશખુશાલ બન્યો છે. જૂન-જુલાઈ માસમાં અનિશ્ચિતતા વચ્ચે મેઘરાજા શ્રાવણ માસમાં આગમન થતાં ખેડૂતો વાવણી ડાંગર, કપાસ, મગફળી જેવા રોકડિયા પાકોનું વાવેતરમાં પરોવાયા હતાં. છેલ્લા ૧૫ દિવસથી મેઘરાજા આકાશમાંથી કાચું સોના સમાન મઘા નક્ષત્રમાં ધીમી ધારે આકાશી વાદળામાંથી ઝરમર વરસતાં પાકને અનુકૂળ વરસાદી પાણી જળસંચયરૂપે તરસી ધરા તૃપ્ત થઈ રહી છે અને મહામુલો પાકથી ખેતરો લીલાછમ ચાદર પથરાઈ તેવા દેશ્યોથી ખેડૂતોમાં રાહતનો દમ માણી રહ્યા છે. ચાલુ સાલે ચિલોડા, મગોડી, ઈસનપુર મોટા, શિવપુરા કંપા તેમજ દહેગામ તાલુકાના કેટલાક ગામોમાં મગફળીનું વાવેતર સારા પ્રમાણમાં થયું છે. ધીમી ધારે અનુકુળ વરસાદ મળી રહેતાં મગફળીનો પાક વધુ ફાયદારૂપ બને તેવા સંકેતો મળી રહ્યા છે. આ પાકોમાં જરૂરી ખેડ-ખાતર અને જંતુનાશક દવાના અભાવે ઘાસનું પ્રમાણ વધી જતાં ખેડૂતો નિંદામણ કરવું મુશ્કેલ બન્યું છે. વરસાદ વિરામ બાદ ખેતીની માવજતનો સમય મળે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે. પાકોમાં બિનજરૂરી ઘાસ પાકના ઉત્પાદનને અસર કરે અને ઉત્પાદન ઘટે તેવા સંજોગોથી ખેડૂતો વરસાદ વિરામ લે તો ઘણી આશાઓ ફલિભૂત થાય તેવું હવે ઈચ્છી છે. કપાસ, ડાંગર, મગફળીમાં બિનજરૂરી ઘાસ વધે તો પાકના ઉતારામાં વધઘટ થવાના એંધાણો અને ખર્ચ વધે તેવી ચિંતા ખેડૂતોમાં પ્રવર્તી રહી છે. આમ છતાં આકાશી મેઘવર્ષાથી જુલાઈ અને ઓગષ્ટમાં પધરામણીથી ખેડૂતો હવે શ્રાવણ માસના અંતમાં દિવેલાનું વાવેતર કરવાની તૈયારી આરંભી દીધી છે. દિવેલાનું બિયારણ ખરીદી કરી સ્ટોકરૂપે મુકી વરસાદ થંભી જાય ત્યારબાદ દિવેલાનું વાવેતર કરવા આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આમ ચાલુ વર્ષે ડાંગર, કપાસ અને મગફળીના પાક તરફ ખેડૂતો વધુ આકર્યા હોવાથી વરસાદની અનુકૂળતા મુજબ પાક પેટર્ન બદલવાની ફરજ પડી છે. ખરીફ પાક બાદ શિયાળુ શાકભાજીનો રાજા ગણાતો બટાકાનું વાવેતર અંગે ખેડૂતો અત્યારથી તૈયારી કરી હોવાનું મનાય છે.

ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લી.
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

નોટીસ નં.-૧૧/૨૦૨૨-૨૩

કા.ઈ.(સી) યુનિટ-૨ (સુજલામ-સુફલામ), ૨જો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, માર્ગ નં.૨, જળશક્તિ માર્ગ, સેક્ટર નં.૮, ગાંધીનગર દ્વારા એચ.ડી.પી.ઈ. પાઈપ લાઈન નેટવર્કની કામગીરી માટે જુદા જુદા કામો માટેના ઓનલાઈન ટેન્ડરમાં ભાગ લેવા રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર/નોટીસ www.gwrdc.nproocure.com વેબસાઈટ ઉપરથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકશે.

કામોની અંદાજીત કિંમત રૂ. ૫૩.૫૪ લાખથી ૫૭.૩૩ લાખ સુધીના છે.

- ટેન્ડર બીડ અપલોડ કરવાની તા. ૨૫/૮/૨૦૨૨
- ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૯/૯/૨૦૨૨, ૧૮ કલાક સુધી
- ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર/ડીડી), તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીક અને સમય : ૧૨/૯/૨૦૨૨ થી તા. ૧૬/૯/૨૦૨૨. ૧૮.૦૦ કલાક સુધી
- ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૧૯/૯/૨૦૨૨, ૧૫.૦૦ કલાકે
- પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૧૯/૯/૨૦૨૨, ૧૬.૦૦ કલાકે.

વધુ વિગતો નિગમ/સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.gujarat.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે.

માહિતી/૧૨૧૦/૨૨-૨૩